ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી.

# નાયબ મામલતદાર / નાયબ સેકશન ઓફિસર : 2012

1. નીચેનામાંથી કયા સાધનની માહિતી સંગ્રહ ઘનતા (Storage density) સૌથી વધારે છે?
(અ) બ્લ્યૂ રે (બ) ડીવીડી
(ક) **હોલોગ્રાફી સ્ટોરેજ ડિવાઈસ** (ડ) પેન ડ્રાઈવ
2. 'નિશાન્ત' શું છે?
(અ) એન્ટી ટેન્ક મિસાઈલ (બ) ક્રુઝ મિસાઈલ
(ક) **માનવરહિત એરિયલ વ્હીકલ** (ડ) અવાક્સ (AEACS)
3. સોનું, પ્લેટિનમ, લોખંડ અને ટંગસ્ટન એ ધાતુઓમાં સૌથી સખત ધાતુ કઈ છે?
(અ) લોખંડ (બ) સોનું (ક) પ્લેટિનમ (ડ) **ટંગસ્ટન**
4. રેડિયો એક્ટિવિટીનો પ્રમાણિત એકમ કયો છે?
(અ) ન્યૂટન (બ) ડાઈન (ક) લક્સ (ડ) **ક્યૂરી**
5. પરમાણુ રિએક્ટરમાં હેવી વોટરનું કાર્ય શું છે?
(અ) ન્યૂટ્રોનની ગતિને વધારવાનું (બ) **ન્યૂટ્રોનની ગતિને ઘટાડવાનું**
(ક) રિએક્ટરને ઠંડુ કરવાનું (ડ) પરમાણુ પ્રક્રિયા વધારવાનું
6. પીયૂષ (પિચ્યુટરી) ગ્રંથિનો વધારે પડતો અંતઃસ્ત્રાવ?
(અ) બાળકના વિકાસને રૂંધે છે. (બ) બાળકના હાડકાં નબળાં પાડે છે.
(ક) **બાળકની ઊંચાઈ ખૂબ વધારે છે.** (ડ) બાળકની ઊંચાઈ વધવા દેતી નથી.
7. મીટિઅરોલજી એ શાનું શાસ્ત્ર છે?
(અ) **હવામાનનાં લક્ષણો, ફેરફારોનો અભ્યાસ** (બ) ભૌતિક વસ્તુઓનો અભ્યાસ
(ક) સમુદ્રના જીવો, પ્રવાહો, તોફાનોનો અભ્યાસ (ડ) ધરતીકંપના કંપનોનો અભ્યાસ
8. 'કાર્તેઝીય ડ્રાઈવર' કયા સિદ્ધાંત પર કાર્ય કરે છે?
(અ) વિદ્યુત વિભાજનનો સિદ્ધાંત (બ) ઉષ્ણતાનયનનો સિદ્ધાંત
(ક) ઊર્જા સંરક્ષણનો સિદ્ધાંત (ડ) **તરતા પદાર્થનો સિદ્ધાંત**
9. ચૂંટણી પંચનો ઉલ્લેખ ભારતીય બંધારણની કઈ કલમમાં કરવામાં આવેલો છે?
(અ) 356 (બ) 382 (ક) 280 (ડ) **324**
10. લોકસભાની મુદતના 5 વર્ષના સમયગાળાની ગણતરી માટે પ્રથમ દિવસ કયો છે?
(અ) ચૂંટણીના પરિણામોની જાહેરાત શરૂ થવાનો દિવસ
(બ) ચૂંટણીના પરિણામોની જાહેરાત પૂર્ણ થવાનો દિવસ
(ક) **નવા ચૂંટાયેલા સભ્યોની સંસદની બેઠકનો પ્રથમ દિવસ**
(ડ) ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થયાનો દિવસ
11. ભારતની સંચિત નિધિમાંથી નિધિ ઉપાડવા માટે કોની મંજૂરી ફરજિયાત છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન (ક) નાણાં મંત્રી (ડ) **સંસદ**
12. ભારતના બંધારણના શોષણ સામેના હક્કમાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી?
(અ) વેઠપ્રથા નાબૂદી
(બ) **ગેરકાયદેસર રીતે સ્ત્રીઓ અને બાળકોની હેરાફેરી**
(ક) 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકો પાસે મજૂરી કરાવવી
(ડ) ખાણો તથા જોખમી ઉદ્યોગોમાં કિશોરોને નોકરીએ રાખવા
13. બંધારણીય કટોકટી એટલે?
(અ) યુદ્ધ થવાથી રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરાતી કટોકટી
(બ) દેશમાં આર્થિક સંકટ ઉદ્ભવતાં પગાર-ભથ્થાં ઘટાડવાં
(ક) કુદરતી આપત્તિ, ધરતીકંપ, સુનામી જેવા પ્રસંગોએ જાહેર કરાતી કટોકટી
(ડ) **રાજ્યપાલના અહેવાલના આધારે રાષ્ટ્રપતિ દ્વારા સંબંધિત રાજ્યમાં જાહેર કરાતી કટોકટી**
14. નઝીરી અદાલત એટલે?
(અ) **કોર્ટના ચુકાદા, કાયદાનાં અર્થઘટનો, સ્વીકારાયેલ પ્રણાલીઓના દસ્તાવેજોને સર્વોચ્ચ અદાલત દ્વારા સુરક્ષિત રાખવા**


તમામ પ્રશ્નપત્રો Crack GPSC (ક્રેક જીપીએસસી) એપ્લિકેશનમાં FREE ઉપલબ્ધ છે.

(બ) મ્યુનિસિપલ કોર્પોરેશનોની મિલકત સંબંધી કેસો ચલાવતી કોર્ટ
(ક) બે નાના તાલુકાઓ વચ્ચે 15-15 દિવસ ચાલતી કોર્ટ
(ડ) 50 લાખ રૂપિયા સુધીની રકમના દિવાની દાવા ચલાવતી કોર્ટ

15. રાજ્યસભાના $\frac{1}{3}$ સભ્યો?
(અ) દર વર્ષે નિવૃત્ત થાય છે.
(બ) **દર 2 વર્ષે નિવૃત્ત થાય છે.**
(ક) દર 3 વર્ષે નિવૃત્ત થાય છે.
(ડ) દર 4 વર્ષે નિવૃત્ત થાય છે.

16. ગુજરાતમાં સૌથી વધારે વરસાદ ક્યાં થાય છે?
(અ) આહવા તાલુકો : ડાંગ
(બ) પારડી તાલુકો : વલસાડ
(ક) **કપરાડા તાલુકો : વલસાડ**
(ડ) ગણદેવી તાલુકો : નવસારી

17. ગુજરાતના ભૌગોલિક વિસ્તારનું કદ?
(અ) **આશરે બે લાખ ચોરસ કિલોમીટર છે.**
(બ) આશરે એક લાખ ચોરસ કિલોમીટર છે.
(ક) આશરે ત્રણ લાખ ચોરસ કિલોમીટર છે.
(ડ) આશરે પાંચ લાખ ચોરસ કિલોમીટર છે.

18. નીચેના પૈકી કયું જોડકું સાચું નથી?
(અ) **બિંદુ સરોવર - સિદ્ધપુર - મહેસાણા જિલ્લો**
(બ) સુદર્શન સરોવર - જૂનાગઢ - જૂનાગઢ જિલ્લો
(ક) હમીરસર તળાવ - ભૂજ - કચ્છ જિલ્લો
(ડ) નળ સરોવર - સાણંદ - અમદાવાદ જિલ્લો

19. ગુજરાતની નદીઓ અંગે નીચેના પૈકી કયું વિધાન અસત્ય છે?
(અ) સાબરમતી નદી મેવાડના ઢેબર સરોવરમાંથી નીકળે છે.
(બ) તાપી નદીનું મૂળ મધ્યપ્રદેશના બૈતુલ જિલ્લાના મુલતાઈ પાસેના પવિત્ર ઝરામાં છે.
(ક) **બનાસ નદીનું મૂળ મધ્યપ્રદેશના ઉજ્જૈન વિસ્તારમાં છે.**
(ડ) ભોગાવો નદીનું મૂળ ચોટીલા પાસેના ડુંગરમાં છે.

20. ગુજરાતમાં કુદરતી ખનીજ સંપત્તિ સંબંધિત કાર્યરત સંસ્થા ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC) કયા જિલ્લામાં કાર્યરત નથી?
(અ) કચ્છ
(બ) **અમરેલી**
(ક) બનાસકાંઠા
(ડ) વડોદરા

21. ગુજરાતનો કયો ભાગ 'બેસાલ્ટ અગ્નિકૃત ખડક'નો બનેલો છે?
(અ) કચ્છનો ડુંગરાળ પ્રદેશ
(બ) તળ ગુજરાતનો ડુંગરાળ પ્રદેશ
(ક) **સૌરાષ્ટ્રનો ઉચ્ચ પ્રદેશ**
(ડ) ઉત્તર ગુજરાતનો પ્રદેશ

22. ગુજરાતમાં કઈ જગ્યાએ લીલા રંગનો આરસ મળી આવેલ છે?
(અ) પાનન્ધ્રો - કચ્છ
(બ) **છુછાપુરા - વડોદરા**
(ક) અંબાજી - બનાસકાંઠા
(ડ) શિવરાજપુર - ગોધરા

23. કૃષિ વિષયક બાયોટેક્નોલોજી માટેનું કેન્દ્ર ધરાવતી યુનિવર્સિટી ક્યાં આવેલી છે?
(અ) દાંતીવાડા
(બ) **આણંદ**
(ક) જૂનાગઢ
(ડ) નવસારી

24. આકાશવાણી કેન્દ્રો અમદાવાદ અને વડોદરાથી રજૂ થતો ખેતી વિષયક કાર્યક્રમ કયા નામે ઓળખાય છે?
(અ) ખેતી એટલે ખેતી
(બ) ખેતી એ જ જીવન
(ક) **ખેતી કરીએ ખેતથી**
(ડ) ખેતી આપણી સંસ્કૃતિ

25. દૂધાળાં જાનવરોમાં કયા પ્રકારના રોગને લીધે ખેડૂતોને દૂધનું ઉત્પાદન ઓછું મળે છે?
(અ) **મસ્ટાઈસ**
(બ) ડીફોર્મેટી
(ક) બેક્ટેરિયલ કાઉન્ટ
(ડ) સોમેટિક સેલ

26. ગુજરાતની ખેત પેદાશોને થતા રોગો સંબંધમાં નીચેના પૈકી કયા જોડકાની માહિતી અસત્ય છે?
(અ) શેરડી - રાતડો - પર્ણની મધ્યશિરા ઉપર નાનાં-નાનાં લાલ ટપકાં દેખાય છે.
(બ) મગફળી - ગેરુ - પર્ણની નીચે ભૂખરા રંગના ટપકાં દેખાય છે તથા પાન ચીમળાઈને ખરી પડે છે.
(ક) વટાણા - સુકારો - પર્ણ પીળાં પડીને સુકાઈ જાય છે તથા મૂળ કાળાં પડીને સુકાઈ જાય છે.
(ડ) **ઘઉં - ખડખડીયો - પર્ણ ઉપર સફેદ રંગના તથા પીળા રંગના ટપકાં થાય છે.**

27. સેન્દ્રિય ખાતર (Comopst Manure) બનાવવા માટેનું સર્વ સામાન્ય માપ કયું ગણાય?

| | લંબાઈ આશરે | પહોળાઈ આશરે | ઊંડાઈ આશરે |
|---|---|---|---|
| (અ) | **4 થી 5 મીટર** | **1.5 થી 1.8 મીટર** | **1.00 થી 1.8 મીટર** |
| (બ) | 8 થી 9 મીટર | 3.5 થી 4.5 મીટર | 2.5 થી 5.5 મીટર |

| | | | |
|---|---|---|---|
| (ક) | 1.5 થી 2.3 મીટર | 0.5 થી 0.75 મીટર | 2.0 થી 2.9 મીટર |
| (ડ) | 2.5 થી 3.0 મીટર | 3.0 થી 4.0 મીટર | 3.0 થી 3.5 મીટર |

28. ધંધાના બંધારણની દ્રષ્ટિએ અમૂલ ડેરી શું ગણાય?
(અ) લિમિટેડ કંપની (બ) પ્રાઈવેટ કંપની (ક) **સહકારી ફેડરેશન** (ડ) ભાગીદારી પેઢી

29. દેશની સોડાએશની કુલ જરૂરિયાતના કેટલા ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે?
(અ) 70% (બ) **95%** (ક) 60% (ડ) 50%

30. સોલાર ઊર્જા (Solar Energy) માટે ગુજરાતે કેટલા મેગાવોટ્સ એલોટ કર્યા છે ?
(અ) 500 મેગાવોટ્સ (બ) **716 મેગાવોટ્સ** (ક) 360 મેગાવોટ્સ (ડ) 400 મેગાવોટ્સ

31. નીચેના દર્શાવેલ ગુજરાતી સાહિત્ય સર્જક અને તેમના સ્થળ પૈકીની કઈ જોડ સાચી નથી?
(અ) પ્રેમાનંદ - વડોદરા (બ) દયારામ - ડભોઈ
(ક) **નરસિંહ મહેતા - જૂનાગઢ** (ડ) નર્મદ - સુરત

32. ખોડીદાસ પરમાર એ કઈ કલાના સાધક છે?
(અ) સંગીત (બ) **ચિત્ર** (ક) શિલ્પ (ડ) નૃત્ય

33. નર્મદા સ્તુતિ "નમામિ દેવી નર્મદે" સાથે કઈ કડી જોડાયેલી છે?
(અ) ત્વદીય પુણ્ય દર્શનમ્ (બ) **ત્વદીય પાદ પંકજમ્** (ક) ત્વદીય ફલ દાયકમ્ (ડ) ત્વદીય નામ સ્મરણમ્

34. ગુજરાતના પર્વતો સંબંધમાં નીચેના પૈકી કઈ માહિતી સાચી નથી ?
(અ) પાવાગઢ - મહાકાલી મંદિર - હાલોલ તાલુકો (બ) ગબ્બર - અંબાજી માતા મંદિર - દાંતા તાલુકો
(ક) ચોટીલા ડુંગર - ચામુંડા માતા મંદિર - દાંતા તાલુકો (ડ) **તારંગા - અજીતનાથ જૈન મંદિર - મહેસાણા તાલુકો**

35. ગુજરાતનાં ધાર્મિક સ્થળો અંગેની કઈ જોડ ખોટી છે?
(અ) **ડાકોર (ખેડા) - દ્વારકાધીશ મંદિર**
(બ) ઉનાવા (પાટણ) - મીરા દાતારની દરગાહ
(ક) ભદ્રેશ્વર (કચ્છ) - ભગવાન મહાવીરનું જૈન તીર્થ
(ડ) ઉદવાડા (વલસાડ) - પારસી તીર્થધામ
(અ) 2 (બ) 1 (ક) 4 (ડ) 3

36. 'ભારતીય સંસ્કૃતિ મંદિર' (ઈન્ડોલોજી) સંબંધમાં નીચેની કઈ બાબત સાચી છે?
(અ) આ સંસ્થા ગાંધીનગર સ્થિત અક્ષરધામ સંકુલનો એક ભાગ છે.
(બ) આ સંસ્થા વડોદરામાં આવેલા પુરાતત્ત્વીય ખાતાના મ્યુઝિયમ સાથે જોડાયેલી છે.
(ક) ભૂજના સંગ્રહાલય સાથે સંસ્થા જોડાયેલી છે.
(ડ) **75,000થી વધુ હસ્તપ્રતો ધરાવતી આ સંસ્થા અમદાવાદમાં આવેલી છે.**

37. ગુજરાતના સમાજ સુધારકોની પ્રવૃત્તિઓમાં નીચે પૈકી એક જોડકું સાચું નથી?
(અ) દુર્ગારામ મહેતા (સુરત) - માનવ ધર્મસભાની સ્થાપના
(બ) કરસનદાસ મૂળજી (રાજકોટ) - વિદ્યાગુણ પ્રકાશ ધર્મસભા મારફતે સમાજ સુધારાના પ્રયાસ
(ક) કવિ નર્મદ (સુરત) - વિધવા વિવાહને સમર્થન તથા વિધવાને પોતાના ઘરમાં આશ્રય
(ડ) **પુષ્પાબહેન મહેતા (રાજકોટ) - વિકાસ ગૃહ નામની સ્વરોજગારી આપતી સંસ્થાનો પ્રારંભ**

38. સોમનાથ જ્યોતિર્લિંગ સંબંધમાં કઈ માહિતી ખોટી છે?
(અ) 1947 આઝાદી પછી સરદાર પટેલે સોમનાથની મુલાકાત લઈ સરકાર દ્વારા નવું મંદિર બાંધવાનો સંકલ્પ કરેલો.
(બ) 1951માં રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદે જ્યોતિર્લિંગની પ્રતિષ્ઠા કરેલી.
(ક) **1950 સોમનાથ મંદિર નિર્માણ અર્થે વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ શિલાન્યાસ કરેલો.**
(ડ) 1947 આઝાદી પછી સોમનાથ મંદિર નિર્માણની જવાબદારી પ્રભાશંકર સોમપુરાને સોંપાયેલી.

39. ક્રિકેટની વિશ્વ કપ ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાના પાંચ ખેલાડી સમાન રીતે આઉટ થયા હતા, કઈ રીતે?
(અ) કોટ બિહાઈન્ડ (બ) સ્ટમ્પ્ડ (ક) ક્લીન બોલ્ડ (ડ) **રન આઉટ**

40. વિશ્વનાથ આનંદ પછી ભારતમાં ચેસ ગ્રાન્ડ માસ્ટર કોણ બન્યું?
(અ) **કોનેરુ હમ્પી** (બ) અભિજિત કૂંટે (ક) દિવ્યેન્દુ બરુઆ (ડ) પ્રવીણ થીસ્સે



Crack GPSC

41. ભારતના કયા રાજ્યમાં દર વરસે ગ્રામીણ ઓલિમ્પિક યોજાય છે?
(અ) હરિયાણા (બ) **પંજાબ** (ક) ઉત્તર પ્રદેશ (ડ) હિમાચલ પ્રદેશ

42. દ્રોણાચાર્ય એવોર્ડ, રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ અને અર્જુન એવોર્ડ મેળવનાર ભારતીય ખેલાડી કોણ?
(અ) ચેતન આનંદ (બ) પ્રકાશ પદુકોણે (ક) કપિલ દેવ (ડ) **ગોપીચંદ**

43. ભારતને કઈ રમતમાં વધુ ઓલિમ્પિક ચંદ્રકો મળ્યા છે?
(અ) કબડ્ડી (બ) **હોકી** (ક) કુસ્તી (ડ) ક્રિકેટ

44. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળની પ્રથમ વ્યાયામ શાળા (1908) શ્રી લક્ષ્મીનાથ વ્યાયામ શાળાની સ્થાપના છોટુભાઈ પુરાણી અને તેમના સાક્ષીઓએ કોની પ્રેરણાથી કરી હતી?
(અ) પ્રોફેસર રામમૂર્તિ (બ) પહેલવાન ગામા (ક) દારાસિંહ (ડ) **અરવિંદ ઘોષ**

45. રૂપેશ શાહનું નામ કઈ રમત સાથે જોડાયેલું છે?
(અ) ચેસ (બ) **બિલિયર્ડ અને સ્નૂકર** (ક) ટેનિસ (ડ) બેડમિન્ટન

46. સખી મંડલ યોજના શાની સાથે સૌથી વધુ સંબંધ ધરાવે છે?
(અ) કુટુંબ કલ્યાણ અને મહિલા સ્વાસ્થ્ય (બ) સ્ત્રી સાક્ષરતા
(ક) મહિલા અને બાલ વિકાસ (ડ) **ગ્રામીણ ગરીબ મહિલા આર્થિક વિકાસ**

47. ગુજરાતની અર્થવ્યવસ્થા સાથે જોડાયેલા મહાનુભાવ એટલે?
(અ) પી. એન. ભગવતી (બ) ગગનવિહારી મહેતા (ક) મોતીલાલ સેતલવાડ (ડ) **કે. ટી. શાહ**

48. કયા ગુજરાતી મહાનુભાવ સક્રિય રાજકારણમાં ન હતા?
(અ) કનૈયાલાલ મુનશી (બ) **કિશોરલાલ મશરૂવાળા**
(ક) ગણેશ વાસુદેવ માવળંકર (ડ) ઉછંગરાય ઢેબર

49. રાષ્ટ્રીય ચેતના લાવવા ગુજરાતમાં સ્થપાયેલી સંસ્થા 'ગુજરાત રાજકીય પરિષદ' (ગુજરાત સભા)ની સ્થાપના ક્યારે અને ક્યાં થઈ?
(અ) **ઈ.સ. 1884 - અમદાવાદ** (બ) ઈ.સ. 1892 - વડોદરા
(ક) ઈ.સ.1905 - કરમસદ (ડ) ઈ.સ. 1910 - પોરબંદર

50. તોલ-માપના ત્રાજવાં-કાંટા માટે કયું શહેર જાણીતું છે?
(અ) સંખેડા (બ) સિહોર (ક) વીસનગર (ડ) **સાવરકુંડલા**

51. મુક્ત વ્યાપાર ક્ષેત્ર ધરાવતું ગુજરાતનું બંદર એટલે?
(અ) મુંદ્રા (બ) પીપાવાવ (ક) **કંડલા** (ડ) દહેજ

52. "દેખ બિચારી બકરી કેરો જોતા ન કોઈ પકડે કાન એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન" – અંગ્રેજ શાસનથી અંજાઈને દાસત્વની માનસિકતા દર્શાવતી આ પંક્તિઓ કયા કવિની છે?
(અ) ઉમાશંકર જોષી (બ) **દલપતરામ** (ક) બળવંતરાય ઠાકોર (ડ) કૃષ્ણલાલ શ્રીધરાણી

53. પંચાયતી રાજની ચડતી, પડતી અને સ્થગિતતા સંદર્ભે નીચે પૈકીનો કયો જવાબ સાચો છે?
(અ) 1952-64 ચડતી, 1965-69 સ્થગિતતા અને 1969-77 પડતી.
(બ) 1952-64 સ્થગિતતા, 1965-69 પડતી અને 1969-77 પડતી
(ક) **1952-64 ચડતી, 1965-69 પડતી અને 1969-77 સ્થગિતતા**
(ડ) 1952-64 સ્થગિતતા, 1965-69 ચડતી અને 1969-77 પડતી

54. પંચાયતી રાજ સંદર્ભે નીચે પૈકી કયું વિધાન માન્ય રાખવાપાત્ર નથી?
(અ) ઈ.સ. 1952માં ગ્રામ વિસ્તાર વિકાસ માટે ગ્રામજનોનો સહકાર લઈ સામૂહિક વિકાસ કાર્યક્રમોની શરૂઆત એ પંચાયતી રાજનો પાયો ગણાય.
(બ) ઈ.સ. 1957માં ગ્રામ વિસ્તાર વિકાસની સામૂહિક વિકાસ યોજનાનાં અપેક્ષિત ફળ ન મળતાં બળવંતરાય મહેતાના અધ્યક્ષ પદે પેટા સમિતિની રચના કરાઈ.
(ક) ઈ.સ. 1987માં પંચાયતી રાજ્યને મજબૂત કરવા લોકસભામાં વિધેયક રજૂ કરાયું.
(ડ) **72મા બંધારણીય સુધારા વિધેયકથી પંચાયતી રાજને મજબૂત કરવા વ્યવસ્થિત પ્રયાસો કરાયા.**

55. 73મા પંચાયતી રાજ બંધારણીય સુધારણા સંબંધમાં નીચેના પૈકી કઈ બાબત સાચી નથી?
(અ) 18 વર્ષની વય પૂર્ણ કરેલ નાગરિકને મતાધિકાર

(બ) કુલ બેઠકની $\frac{1}{3}$ બેઠકો મહિલાઓ માટે અનામત
(ક) રાજ્ય વિધાનસભા ચૂંટણીઓમાં ગેરલાયક ઠરેલ સભ્ય પંચાયતનો સભ્ય બની શકે નહિ.
(ડ) **પંચાયતોની ચૂંટણીઓ માટે મતદાર યાદીઓ તૈયાર કરવા અને માર્ગદર્શન આપવા દરેક જિલ્લામાં સ્વતંત્ર ચૂંટણી પંચની રચના કરવી.**

56. પંચાયત માટે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો નથી?
(અ) ગ્રામ્ય વિસ્તાર માટેની સંસ્થા (બ) સ્વ શાસનની સંસ્થા
(ક) બંધારણ સૂચિત સંસ્થા (ડ) **રાજ્ય સરકાર સંચાલિત સંસ્થા**

57. બંધારણનો 73મો સુધારો અધિનિયમ 1992, જેનું લક્ષ્ય દેશમાં પંચાયતી રાજ સંસ્થાઓને પ્રોત્સાહિત કરવાનું છે, જે નીચેનામાંથી કઈ વ્યવસ્થા કરે છે?
(1) જિલ્લા યોજના સમિતિની રચના કરવી
(2) રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તમામ પંચાયતોની ચૂંટણી કરવી
(3) રાજ્ય નાણાં પંચની સ્થાપના કરવી
(અ) (1) અને (2) (બ) **(2) અને (3)** (ક) (1) અને (3) (ડ) (1), (2) અને (3)

58. ભારતમાં 'ત્રિસ્તરીય પંચાયતી રાજ પદ્ધતિ' અપનાવનાર સૌપ્રથમ રાજ્ય કયું?
(અ) ગુજરાત (બ) ગોવા (ક) રાજસ્થાન (ડ) **આંધ્ર પ્રદેશ**

59. ગુજરાતના સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીના સમાપન કાર્યક્રમમાં કઈ બાબત કેન્દ્ર સ્થાને હતી?
(અ) આર્થિક વિકાસ (બ) ઔદ્યોગિક વિકાસ
(ક) માહિતી અને પ્રત્યાયન તકનીક્નિ (ડ) **માનવ સંસાધન વિકાસ**

60. ગુજરાતનું પ્રથમ પ્રધાન મંડળ કયા સ્થળે રચવામાં આવ્યું હતું?
(અ) કોચરબ આશ્રમ (બ) ગુજરાત વિદ્યાપીઠ
(ક) ગવર્નમેન્ટ પોલિટેકનિક, આંબાવાડી (ડ) **સાબરમતી આશ્રમ**

61. મહારાષ્ટ્રથી અલગ થયા પછી ગુજરાતની પ્રથમ વિધાનસભા કયાં બેસતી હતી?
(અ) ગુજરાત વિદ્યાપીઠ (બ) **સિવિલ હોસ્પિટલ, અમદાવાદ**
(ક) ગુજરાત કોલેજ (ડ) ગુજરાત યુનિવર્સિટી

62. ઈ.સ. 1956ના વર્ષનું ગુજરાત સંદર્ભે મહત્વ કયા કારણે ગણાય?
(અ) આ વર્ષે છપ્પનીયો દુકાળ પડ્યો હતો.
(બ) આ વર્ષે ઉછંગરાય ઢેબર સૌરાષ્ટ્રના મુખ્યપ્રધાન બન્યા હતા.
(ક) **આ વર્ષે મહાગુજરાત જનતા પરિષદની રચના કરવામાં આવી હતી.**
(ડ) આ વર્ષે પીલુ મોદીએ સ્વતંત્ર પક્ષની સ્થાપના કરી હતી.

63. મુંબઈ, મહારાષ્ટ્ર અને ગુજરાત એમ ત્રણ પ્રદેશોના વિભાજનના સમર્થક કોણ હતા?
(અ) ચિનુભાઈ ચીમનલાલ (બ) ભાઈકાકા (ક) **મોરારજી દેસાઈ** (ડ) બાબુભાઈ જ. પટેલ

64. 1956, બીજી ઓક્ટોબરે ઈન્દુલાલ યાજ્ઞિકની સભાની સમાંતર કોની સભા ચાલી રહી હતી?
(અ) સરદાર પટેલ (બ) મોરારજી દેસાઈ (ક) **જવાહરલાલ નહેરુ** (ડ) હિતેન્દ્ર દેસાઈ

65. મહાગુજરાત ચળવળ માટે નીચેનામાંથી શું સાચું નથી?
(અ) આંદોલનનું નેતૃત્વ મહાગુજરાત જનતા પરિષદે લીધું.
(બ) **મહાગુજરાત જનતા પરિષદના અધ્યક્ષ મોરારજી દેસાઈ બન્યા.**
(ક) ગોળીબાર તપાસ માટે નાગરિક તપાસ પંચ નિમાયું.
(ડ) મુંબઈ રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી યશવંતરાય ચૌહાણ હતા.

66. 19-11-2011થી શરૂ થયેલ ભારતની સૌથી લાંબો રેલવે માર્ગ ધરાવતી ટ્રેન કયાં બે શહેરોને જોડે છે?
(અ) જમ્મુથી કન્યાકુમારી (બ) **દિબ્રુગઢ (અસમ)થી કન્યાકુમારી**
(ક) દિબ્રુગઢ (અસમ)થી ત્રિવેન્દ્રમ્ (ડ) ગૌહાતી (અસમ)થી કન્યાકુમારી

67. એની બેસન્ટ કઈ સંસ્થા સાથે સંકળાયેલાં હતાં?
(અ) રામકૃષ્ણ મિશન (બ) **થિયોસોફિકલ સોસાયટી** (ક) બ્રહ્મોસમાજ (ડ) આર્ય સમાજ

68. 7 સમુદ્રોને તરીને પાર કરનાર વિશ્વની પ્રથમ મહિલા કોણ છે?
(અ) **બુલા ચૌધરી** (બ) શીખા ટંડન (ક) અમંદા બિયર્ડ (ડ) આરતી ગૃહા

69. ભારતમાં પ્રથમ જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા મહિલા એટલે?


તમામ પ્રશ્નપત્રો Crack GPSC (ક્રેક જીપીએસસી) એપ્લિકેશનમાં FREE ઉપલબ્ધ છે.

(અ) અમૃતા પ્રિતમ (બ) રિન્કુ સિન્હા (ક) લીલા શેઠ (ડ) **આશાપૂર્ણા દેવી**

70. ઠુમરીના પ્રસિદ્ધ ભારતીય કલાકારો એટલે?
(અ) **સિદ્ધેશ્વરી દેવી અને ગિરિજા દેવી** (બ) સોનલ માનસિંહ અને યામિની કૃષ્ણમૂર્તિ
(ક) સરસ્વતી સેન અને શોભા નાયડુ (ડ) પ્રિયંવદા મોહન્તી અને માધવી મુદ્દ્ગલ

71. નીચે દર્શાવેલી પુત્રી-પિતાની જોડીમાં કઈ સાચી નથી?
(અ) સીતા - જનક (બ) પાંચાલી - દ્રુપદ
(ક) **અનસૂયા - અત્રિ ઋષિ** (ડ) ઓખા - બાણાસુર

72. ભારતીય સૈન્યમાં જોડાનાર પ્રથમ મહિલા કોણ?
(અ) અનિતા સૂદ (બ) **પ્રિયા ઝિન્ગાન** (ક) રિન્કુ સિન્હા (ડ) અન્ના ચાંડી

73. ભારતની હાઈકોર્ટનાં પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ કોણ?
(અ) આરતી સિન્હા (બ) સોનિયાબહેન ગોકાણી
(ક) **લીલા શેઠ** (ડ) પુનિતા અરોરા

74. નીચેના આંકડાઓમાં ? ખાલી જગ્યામાં શું આવે?
(1) 729 (2) 343 (3) 125 (4) ___?___
(5) 1
(અ) 16 (બ) 118 (ક) **27** (ડ) 468

75. જો  અને  હોય  તો શું થાય ?
(અ)  (બ)  (ક)  (ડ) 

76. જો ICEની કિંમત 17 હોય અને BAGની કિંમત 10 હોય તો DOGની કિંમત કેટલી થાય?
(અ) **26** (બ) 32 (ક) 29 (ડ) 47

77. બે અંકોની એક સંખ્યાના અંકોના સ્થાનની ફેરબદલી કરતાં મળતી સંખ્યા, મૂળ સંખ્યા કરતાં 9 (નવ) વધુ છે, તો મૂળ સંખ્યા કયા વિકલ્પમાં આવેલી છે?
(અ) 27, 86, 54, 36, 59 (બ) 38, 32, 63, 31, 24
(ક) 87, 65, 46, 94, 74 (ડ) **કોઈ જવાબ સાચા નથી**

78. એક રંગીન કાચિંડો 30 મિનિટમાં 50 સેન્ટિમીટર ઊંચે ચડી તરત જ 10 સેન્ટિમીટર નીચે આવે છે તો 200 સેન્ટિમીટર ઊંચી દિવાલ ચડતાં તેને કેટલો સમય થશે?
(અ) 3 કલાક (બ) 2 કલાક 30 મિનિટ (ક) **2 કલાક 24 મિનિટ** (ડ) 2 કલાક 16 મિનિટ

79. નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે?
(અ) 2 એ 4નો અવયવી છે. (બ) 2 અને 8નો ગુ.સા.અ. 16 છે.
(ક) **2 એ અવિભાજ્ય સંખ્યા છે.** (ડ) 2 એ સૌથી નાની સંમેય સંખ્યા છે.

80. દશાવતારમાં જે ક્રમમાં રામ, કૃષ્ણ અને બુદ્ધ આવે છે તે રીતે બીજી જોડી નીચેનામાંથી કઈ ગણાય?
(અ) પરશુરામ, નરસિંહ, કચ્છપ (બ) વામન, મત્સ્ય, પરશુરામ
(ક) મત્સ્ય, કચ્છપ, વામન (ડ) **મત્સ્ય, કચ્છપ, વરાહ**

81. જો ABCની કિંમત 6 હોય તથા Bની કિંમત 2 હોય તેમજ MNOની કિંમત 36 હોય જેમાં Mની કિંમત 11 હોય તથા WXYની કિંમત 63 હોય જેમાં Yની કિંમત 23 હોય તો BOYની કિંમત કેટલી થાય?
(અ) 48 (બ) **38** (ક) 36 (ડ) 78

82. એક વિદ્યાર્થી ગુણાકારમાં એક સંખ્યાને 27ના બદલે 72થી ગુણાકાર કરે તો સાચા ઉત્તરમાં 23175 જેટલો વધારો થાય છે તો તે સંખ્યા કઈ?
(અ) 415 (બ) **515** (ક) 615 (ડ) 715

83. 'બ્રહ્મોસ' મિસાઈલ સંબંધે નીચેના પૈકી કઈ બાબત સાચી છે?
(અ) **ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મસ્કોવા નદીના નામ જોડી 'બ્રહ્મોસ' નામ અપાયું છે.**
(બ) બ્રહ્મા - વિષ્ણુ – મહેશમાંથી બ્રહ્મા અને મહેશનું નામ જોડી 'બ્રહ્મોસ' નામ અપાયું છે.

(ક) 'બ્રહ્મ' શબ્દ અનંત સાથે જોડાયેલો હોવાથી તેના ઉપર 'બ્રહ્મોસ' નામ અપાયું છે.
(ડ) બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર ઉપરથી 'બ્રહ્મોસ' નામ અપાયું છે.

84. બેન્કિંગ ક્ષેત્રે સુધારા માટે છેલ્લે રચવામાં આવેલી સમિતિ કયા નામથી ઓળખાય છે?
(અ) **રંગરાજન્ સમિતિ** (બ) પરમેશ્વરન્ સમિતિ (ક) દામોદરન્ સમિતિ (ડ) અહલુવાલિયા સમિતિ

85. ઈ.સ. 2011માં કયો દેશ વિશ્વનો 193મો દેશ બન્યો હતો?
(અ) **દક્ષિણ સુદાન** (બ) ટ્યુનિશિયા (ક) ઓસ્ટ્રિયા (ડ) યમન

Crack GPSC